# ધાનેરા વ્યાજખોરોના ત્રાસને પગલે ધાનેરા સજ્જડ બંધ

## અણ બનાવ ન બને તે માટે બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા સહિતના ઉચ્ચ અધિકારીઓ પણ ધાનેરા આવી પહોંચ્યા : પોલીસે પાંચ લોકોની અટકાયત કરી છે અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી



ધાનેરા આજે વ્યાજખોરોના ત્રાસને લઈ ધાનેરા સજ્જડ બંધ રાખવામાં આવી છે તો બીજી તરફ કોઈ અણ બનાવ ન બને તે માટે બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા સહિતના ઉચ્ચ અધિકારીઓ પણ ધાનેરા આવી પહોંચ્યા છે અને ધાનેરામાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છેબે દિવસ અગાઉ વ્યાજખોર ઈસમો દ્વારા એક વ્યક્તિને દુકાનમાં બંધક બનાવી તેને ઢોરમાર મારવામાં આવ્યો હતો તેને તેના ઘેરા પ્રત્યાઘાત સમગ્ર ધાનેરામાં જોવા મળી રહ્યા છે ગઈ કાલે વિવિધ સેવા સંગઠનો દ્વારા ધાનેરા પ્રાંત અધિકારી તેમજ પોલીસને આવેદનપત્ર આપી કાયદેસરની કાર્યવાહી કરવા માટેની પણ માંગ કરી હતી સાથે સાથે ધાનેરા બંધનું એલાન આપવામાં આવ્યું હતું ત્યારે ગઈકાલે પ્રાંત કચેરી ખાતે શાંતિ સમિતિની બેઠક યોજાઈ હતી અને બેઠક બાદ ધાનેરા બંધ ન રાખવાનો નિર્ણય લેવાયો હતો આજે વેપારી ધ્વરા સ્વેસ્ચ્છય ધાનેરા ને સ્વયંભૂ બંધ રાખી વિરોધ નોંધાવ્યો છે વ્યાજખોરોના ત્રાસ થી આજે સમગ્ર ધાનેરા બંધ છે ત્યારે કોઈ અણ બનાવ ન બને તે માટે થરાદ ડીવાયએસપી બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા સહિતના ઉચ્ચ અધિકારીઓ પણ ધાનેરા આવી પહોંચ્યા છે અને સમગ્ર ધાનેરા શહેરમાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે સાથે-સાથે બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા દ્વારા લોકોને કડક કાર્યવાહી કરવા માટેની ખાતરી પણ આપવામાં આવી છે અને અન્ય કોઈ વ્યાજખોર જો લોકોને હેરાન કરશે તો તેવા લોકો સામે પણ કડક કાર્યવાહી કરવાની ખાતરી આપી છેવ્યાજખોરો સામે ફરિયાદ નોંધાતા અત્યારે તો ધાનેરા પોલીસે પાંચ લોકોની અટકાયત કરી છે અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે તેમ છતાં પણ ધાનેરામાં વેપારી નો વિરોધ યથાવત જોવા મળી રહ્યો છે ત્યારે હવે જોવાનું એ રહે છે ધાનેરા વિસ્તારના લોકો વ્યાજખોરોના ત્રાસ માંથી ક્યારે મુક્ત બને છે.

## પ્રાંતિજ ખાતે કોરોનાને મ્હાત આપી પરત આવેલ દિકરીનું તપોધન ફડી ખાતે ભવ્ય સ્વાગત

પ્રાંતિજ, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે કોરોનાને મ્હાત આપી પરત આવેલ દિકરીને તપોધન ફડીના રહીશોએ ફુલ વર્ષા, તાલીઓ પાડીને ભવ્ય સ્વાગત કર્યું હતું, દિકરીએ પણ શિશ ઝુકાવીને સર્વે લોકોનો આભાર વ્યક્ત કર્યો હતો.

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે મુંબઈથી આવેલ રાવલ દક્ષાબેનને કોરોના પોઝિટિવ રીપોર્ટ આવતા તેમણે હિંમતનગર સિવિલ કોવિડ-૧૯ સેન્ટર ખાતે સારવાર અર્થે ૧૦૮ મારફતે લઈ જવામા આવ્યા હતા. તંત્ર દ્વારા પરીવારના સભ્યો સહિત લકઝરી બસમાં સાથે આવેલ મુસાફરો સહિત ૨૬ જેટલા લોકોને સરકાર દ્વારા સોનાસણ ખાતે સરકારી હોમ કોરોન્ટાઈન કરવામાં આવ્યા તો દક્ષાબેનને ત્રણ દિવસની સારવાર બાદ સારૂ થતા તેમને મહેતાપુરા ખાતે ખસેડવામાં આવ્યા હતા, જયારે આઠ દિવસ બાદ આજે રાવલ દક્ષાબેનને રજા અપાતા તેવોને હિંમતનગરથી એમ્બ્યુલન્સ દ્વારા પ્રાંતિજ લાવવામા આવ્યા હતા. પ્રાંતિજ તપોધન ફડી ખાતે રહેતા રહીશોને ખબર પડતા કોરોનાને હરાવીને પરત ફરેલ દક્ષાબેનનું તપોધન ફળી ખાતે રહેતા રહીશો દ્વારા પુષ્પોનો વરસાદ કરવામાં આવ્યો હતો અને કોરોનાને મ્હાત આપીને આવેલ દિકરીનું પુષ્પો વર્ષા તથા તાલીઓ પાડી સ્વાગત કરવામાં આવ્યું હતું. નગરપાલિકાના વોર્ડ નં-૪ના કોર્પોરેટર રાજેશભાઈ ટેકવાણી તથા મહિલા કોર્પોરેટર દિપ્તીબેન બ્રહ્મભટ્ટ પણ ઉપસ્થિત રહ્યાં હતા અને પરત ફરેલ દિકરીનો હોંસલો વધારવા ફુલ છડી આપીને સ્વાગત કર્યું હતું.

દિકરીએ પણ સમાજના લોકો સહિત તપોધન ફડી ખાતે રહેતા રહીશોનો શીશ ઝુકાવીને આભાર વ્યક્ત કર્યો હતો.

## પાલનપુરની કોવિડ હોસ્પિટલમાં કોરોના પોઝિટિવ દર્દીનું મોત

પાલનપુર

બનાસકાંઠામાં કોરોના વાયરસે વધુ એક દર્દીનો ભોગ લીધો હતો. ડીસાથી સારવાર અર્થે ખસેડાયેલા વૃદ્ધનું પાલનપુર કોવિડ હોસ્પિટલમાં શુક્રવારે સારવાર દરમ્યાન મોત થવા પામ્યું હતું. જેની સાથે જિલ્લામાં કુલ મૂર્તયુઆંક ૫ થવા પામ્યો છે. બનાસકાંઠામાં કોરોનાનો કહેર યથાવત છે. અને ધીરેધીરે કોરોના હવે લોકોના જીવ પણ લઈ રહ્યો છે. જેમાં ડીસાના વૃદ્ધને કોરોના પોઝિટિવ આવતા તેઓ ડીસાની કોવિડ હોસ્પિટલમાં સારવાર લઈ રહ્યા હતા. જેમને ત્યાંથી પાલનપુર કોવિડ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા.

## પાલનપુરમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના નામે નાણાં લેવાનું કૌભાંડ

પાલનપુર નગરપાલિકા વિસ્તારમાં રહેતા લોકોના મકાનના રીનોવેસન માટે સરકાર દ્વારા ૩ લાખ ઉપરાંતની સહાય આપવામાં આવી રહી છે. જેમાં કેટલાક લોકોએ પોતાનું પાકું મકાન હોવા છતાં આ યોજના અંતર્ગત ફોર્મ ભરી ખોટી રીતે નાણાં મેળવી કૌભાંડ આચર્યુ હોવાનું બહાર આવતાં ચકચાર મચી જવા પામી છે. આવા ૧૫૦ ઉપરાંત શખ્સોને નગરપાલિકા દ્વારા નોટિસ ફટકારી ગેરકાયદેસર રીતે લીધેલા નાણાં પરત જમા કરવા જણાવાયું છે.

ગુજરાત સરકાર દ્વારા ગરીબ અને મધ્યમ પરીવારના લોકો માટે અનેક વિધ યોજનાઓ અમલમાં મુકવામાં આવી છે. જોકે, તેનો જરૂરિયાત મંદ લોકો જેટલો લાભ નથી લેતાં તેના કરતાં લેભાગુ લોકો યેન કેન પ્રકારે લાભ લઈ ગેરરીતિઓ આચરતાં હોય છે. જેમાં પાલનપુરમાં આ યોજના અંતર્ગત ખોટી રીતે મકાનના હપ્તાના નાણાં મેળવી કરોડો રૂપિયાનું કૌભાંડ આચરવામાં આવ્યું હોવાની સનસનાટીભરી વિગતો બહાર આવી છે. આ અંગે પ્રાપ્ત થતી વિગતો મુજબ સરકારની પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત પાલનપુર નગરપાલિકા દ્વારા શહેરમાં વસવાટ કરતાં ગરીબ પરિવારોને પોતાના કાચા મકાનનું રીનોવેશન માટે રૂપિયા ૩ લાખ ઉપરાતની સહાય ચુકવવામાં આવી રહી છે. જેમાં પ્રથમ બીજી અને ત્રીજી યાદી પ્રમાણે હપ્તા ચુકવવામાં આવ્યા છે. પરંતુ કેટલાક લોકોએ પોતાનું પાકું મકાન હોવા છતાં આ યોજના અંતર્ગત ફોર્મ ભરી ખોટી રીતે નાણાં મેળવી કૌભાંડ આચર્યું છે. આવા લોકોને નાણાં પરત જમા કરાવવા માટે કન્સલ્ટ એજન્સિના સંચાલક દ્વારા નોટિશો ફટકારવામાં આવતાં ચકચાર મચી જવા પામી છે.

## જુનાડીસા ગામે જુગાર રમતા આઠ ઝડપાયા

કોરોના મહામારી વચ્ચે અપાયેલ લોકડાઉન દરમિયાન ધંધા રોજગાર બન્ધ હોવા છતાં પણ દારૂ - જુગારની બદીને વેગ મળ્યો છે ત્યારે આવો જુગાર જુનાડીસા ગામે ખેલાતો હોવાની તાલુકા પોલીસને માહિતી મળતા જમાદાર દિનેશભાઈ પરમારે સ્ટાફ સાથે શુક્રવારે મોડી રાતે છાપો મારતા સાત જુગારીયા રંગે હાથ ઝડપાઈ ગયા હતા. રાહુલભાઈ છગનભાઈ પુનડિયા નાસી છૂટવામાં સફળ થયો હતો પોલીસે ૧,૧૬,૮૩૦ રોકડા, મોબાઈલ ૭ નંગ જેની કિંમત ૪૧,૫૦૦, ૩ મોટર સાયકલ કિંમત ૭૦,૦૦૦ મળી કુલ રૂ. ૨,૨૮,૩૩૦ નો મુદામાલ જપ્ત કરી તમામ જુગારિયા વિરુદ્ધ જુગાર ધારા ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## ધાનેરાના ગોલા ગામે મહિલાની છેડતી કર્યા બાદ મહિલાના પતિ પર હુમલો

બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં ધારાસભ્ય ના પીએ તરીકે ઓળખાણ આપતા દિનેશ મુસ્લા ભાઈએ પોતાના જ ગામમાં



રાત્રિના સમયે મહિલા સાથે છેડતી કરી અને તે બાદ બીજા દિવસે મહિલાના પતિ પર હુમલો કરતા ચકચાર મચી જવા પામી છે.

ધાનેરા તાલુકાના ગોલા ગામે રહેતા મુસ્તુફા ભાઈ નામના ઈસમે એક મહિલાના ઘરે જઈ રાત્રે ના સમય દરવાજો ખખડાવ્યો હતો અને મહિલા એ દરવાજો ખોલતા મહિલા સાથે છેડતી કરી હતી ત્યારે મહિલાએ બૂમાબૂમ કરતાં મહિલાના પરિવારજનો જાગી ગયા હતા અને મુસ્તુફા ત્યાંથી ફરાર થઈ જવા પામ્યો હતોમુસ્તુફા નામનો યુવક છેલ્લા એક માસથી આ મહિલાને હેરાન પરેશાન કરી રહ્યો હતો તે બાબત પણ મહિલાએ મીડિયા સમક્ષ જણાવ્યું હતી અને રાત્રીના સમયે મહિલાની છેડતી કર્યા બાદ મહિલાના પરિવારજનો જાગી જતાં ત્યાંથી ફરાર થઈ ગયો હતો બીજા દિવસે મહિલાના પરિવાર દ્વારા ગામના અગ્રણીઓ ને બોલાવી સમગ્ર ઘટનાની વાત કરી હતી ત્યારે મુસ્તુફા તેમજ તેના ભાઈઓ આલમ અને રસુલ ઉશ્કેરાઈ જઈ ભોગ બનનાર મહિલાના પતિ પર હુમલો કર્યો હતો ત્યારે મહિલા ના પતિ સારવાર અર્થે ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છેઆ આરોપી અગાઉ પણ છેડતી અને હત્યા ગુનામાં સંડોવાયેલા હોય તેવું ગામલોકો દ્વારા જણાવવામાં આવ્યું હતું તો બીજી તરફ આરોપીનો ભાઈ જે દિનેશ સુમરા ધાનેરા ધારાસભ્યના પીએ તરીકે તેની ઓળખ આપે છે અને તે ધારાસભ્યના પાવરથી લોકોને ડરાવતો હોય તેમ પણ લાગી રહ્યું છે અત્યારે તો આ મહિલાએ માત્ર ને માત્ર આજીજી કરી છે કે અમને ખરેખર સાચો ન્યાય મળવો જોઈએ અને આમાં કોઈપણ રાજકીય વ્યક્તિ ઈન્વોલ્વ ન થાય તેવી અપીલ પણ કરી છે.

## પ્રાંતિજ પોલીસે ખેડબ્રહ્માના ધારાસભ્ય અશ્વિન કોટવાલને ડીટેઈન કર્યા



પ્રાંતિજ, તા. ૩૦

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ટોલનાકા પાસેથી ખેડબ્રહ્માના ધારાસભ્ય અશ્વિન કોટવાલની પ્રાંતિજ પોલીસ દ્વારા ડીઈટેન કરવામાં આવ્યા હતા. ખેડબ્રહ્માના ધારાસભ્ય અશ્વિન કોટવાલ કેવડીયા કોલોની ખાતે આદિવાસીઓના પ્રશ્નોના મુદ્દે સ્ટેચ્યુ ઓફ યુનિટિ ખાતે મળનાર કોંગ્રેસની બેઠકમાં જતા હતા તે દરમ્યાન પ્રાંતિજ પીઆઈ એમ.ડી. ચંપાવત દ્વારા ખેડબ્રહ્માના ધારાસભ્યને પ્રાંતિજ ટોલનાકા પાસેથી તેમણે ડીટેઈન કર્યા હતા અને એક કલાક બાદ તેમણે જવા દેવામા આવ્યા હતા. આ અંગે ખેડબ્રહ્માના ધારાસભ્ય અશ્વિન કોટવાલે જણાવ્યું કે અમે કોંગ્રેસના બધા ધારાસભ્યો વિરોધ કરવાના જઈ શકીએ તે માટે અમારી અટકાયત કરી છે.

## હિંમતનગર તાલુકાના ૨ ૨ ગામોને હાથમતી કેનાલનુ પાણી આપવાનુ શરૂ કરાયુ

### ખેડૂતોએ મગફળી અને કપાસના વાવેતરની તૈયારીઓ શરૂ કરી : વરસાદ અગાઉ સિંચાઇ વિભાગ દ્વારા બે પાણી આપવાનો નિર્ણય

હિંમતનગર, તા. ૩૦

હાથમતી જળાશયના કમાંડ એરીયામાં આવતા હિંમતનગર તાલુકાના ૨ ૨ ગામના સિમાડાઓમાંથી પસાર થતી હાથમતી કેનાલમાં શનિવારથી પાણી છોડવામાં આવ્યુ છે. જેને લઈને અંદાજે ૪૦૦ હેકટરથી વધુ જમીનમાં ખેડૂતો ખરીફ પાકનુ વાવેતર કરી શકશે અને તેના માટે ખેડૂતોએ કેનાલમાં પાણી આવતાની સાથેજ તૈયારીઓ શરૂ કરી દીધી છે.

આ અંગે સિંચાઈ વિભાગના સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ગત વર્ષે થયેલા વરસાદને કારણે હાથમતી ડેમમાં પાણીનો જથ્થો સંતોષકારક હતો. જોકે ચોમાસા બાદ ૨૩ કિલોમીટરની ત્રિજ્યામાંથી પસાર થતી હાથમતી કેનાલ મારફતે ખેડૂતોને ડાંગર, ઘઉં તથા અન્ય પાક માટે કુલ મળીને ૬ પાણી આપવામાં આવ્યા હતા. જોકે તેના માટે સિંચાઈ વિભાગે પ્રતિ હેકટર દિઠ પીયાવા પેટે અંદાજે રૂપિયા ૧૭૫૦નો ચાર્જ વસુલ્યો હતો.

ત્યારબાદ ડેમમાં પાણીનો જથ્થો હોવાથી હિંમતનગર તાલુકાની પિયત મંડળીઓએ ખરીફ પાક માટે કેનાલમાં પાણી છોડવાની સરકાર સમક્ષ તથા સિંચાઈ વિભાગ સમક્ષ રજૂઆત કરી હતી. જે આધારે શનિવારે હિંમતનગર તાલુકાના હડીયોલ, ગઢોડા અને પુરાલ સુધી કેનાલ મારફતે પાણી આપવાનુ શરૂ કરાયુ છે. જેને લઈને ખેડૂતોએ ખેતરોમાં પિયત કરવાનુ શરૂ કરી દીધુ છે. હાથમતી કેનાલના પાણીને કારણે આ ત્રણ ગામની સિમમાં આવેલી અંદાજે ૫૦૦ હેકટર જમીનને પાણીનો લાભ મળી શકશે.

સિંચાઈ વિભાગના અધિકારીના જણાવ્યા મુજબ હાલ તો હિંમતનગર તાલુકાના આ ૨ ૨ ગામોને બે પાણી આપવામાં આવશે. પ્રથમ પાણીનો રાઉન્ડ લગભગ ૧૦ દિવસ ચાલશે. ત્યારબાદ કેનાલમાં પાણી બંધ કરાશે. દરમિયાન જો વરસાદ આવશે તો પાકને પાણીની જરૂર નહીં પડે. પરંતુ જો વરસાદ નહી આવે તો બીજુ પાણી પણ આપવામાં આવશે. જોકે આ બે પાણીના પિયાવા પેટે ખેડૂતોએ પિયત મંડળીઓને પ્રતિ હેકટર દીઠ અંદાજે રૂપિયા ૭૨૦ ચુકવવાના રહેશે.



હાલ તો આ ત્રણેય ગામોમાંથી પસાર થતી હાથમતી કેનાલની માઈનોર કેનાલમાં જે પાણી વહી રહ્યુ છે તે જોઈને ખેડૂતો ખુશખુશાલ છે અને મગફળી તથા કપાસના વાવેતર સાથે કેટલાક ખેડૂતોએ સારા પાકની ઉપજની આશાએ સપનાનુ વાવેતર કરી દીધુ છે.